દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૯ મે, ૨૦૨૫

# યુ.કે. સાથેનો વેપાર કરાર લાંબા ગાળા માટે ખૂબ લાભદાયક પુરવાર થઈ શકે

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ હાલ મોકૂફ રાખ્યા છે અને આ મોકૂફીના સમયગાળા દરમ્યાન અમેરિકા સાથે ભારતનો એક વચગાળાનો વેપાર કરાર થઇ શકે છે તેવી ચર્ચાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપારને લગતી એક મહત્વની ઘટના બની ગઇ છે અને તે એ કે લાંબા સમયથી જે ઘોંચમાં પડ્યા કરતો હતો તે બ્રિટન અને ભારત વચ્ચેનો વેપાર કરાર થઇ ગયો છે. બંને દેશો વચ્ચેનો વેપાર ૨૦૩૦ સુધીમાં બમણો કરીને ૧૨૦ અબજ ડોલરનો કરવાનો આ કરારનો હેતુ છે. ભારત અને યુકે વચ્ચે આ જે સીમાચિન્હરૂપ વેપાર કરાર થયો છે તે શ્રમને પોત્સાહન આપે તેવી વસ્તુઓ જેમ કે લેધર, પગરખા અને વસ્ત્રોની નિકાસ પરના વેરાઓ દૂર કરશે, જ્યારે બ્રિટનથી આયાત થતી વ્હીસ્કી અને મોટરકારો સસ્તી થશે. આ વેપાર કરારથી બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષી વેપાર ખૂબ વધવાની આશા છે, સાથે જ જે વસ્તુઓ બંને દેશોમાં બને છે તે વસ્તુઓની બાબતમાં ખાસ કરીને ભારતે પોતાની વસ્તુઓની સ્પર્ધાક્ષમ બનાવવી પડશે તે પણ એક વાસ્તવિકતા છે, અને જો ભારતીય ઉત્પાદકો આમાં સફળ રહેશે તો લાંબા ગાળા માટે તેમાં ઘણો ફાયદો જ છે.

આ કરાર અંગે ત્રણ વર્ષ સુધી વાટાઘાટો શરૂ અને બંધ થતી રહી તે પછી વિશ્વના આ પાંચમા અને છઠ્ઠા ક્રમના અર્થતંત્રો વચ્ચે વેપાર કરાર સંપન્ન થયો છે. આ કરાર યુકે બજારમાં ૯૯ ટકા ભારતીય માલ પરના ટેરિફને શૂન્ય કરે છે, જ્યારે ભારતીય કામદારોને બ્રિટનની પોઈન્ટ-આધારિત ઇમિગ્રેશન સિસ્ટમમાં ફેરફાર કર્યા વિના કામ માટે યુકે જવાની મંજૂરી આપે છે. ભારતીય કપડાં, થિજાવેલા ઝીંગા, ઝવેરાત અને રત્નોની નિકાસ પરના ટેક્સમાં ઘટાડો કરવામાં આવશે. યુકેમાંથી વ્હિસ્કી અને જિનની આયાત પર આ સંધિ દ્વારા શરૂઆતમાં ટેરિફ અડધો કરીને ૭૫ ટકા અને ૧૦મા વર્ષ સુધીમાં ૪૦ ટકા કરવામાં આવશે. ઓટો વાહનો પરની આયાત પરના ટેરિફ બંને બાજુના ક્વોટા હેઠળ ૧૦૦ ટકાથી વધુ પરથી ઘટીને ૧૦ ટકા થશે, જેનો ફાયદો ટાટા-જેએલઆર જેવી કંપનીઓને થશે. ભારતીય સસ્તા વાહનો બ્રિટનમાં વધુ વેચાઇ શકે તેવી આશા છે. આ વેપાર કરાર થયા બાદ હવે યુકેમાં શૂન્ય ડ્યુટી પર પ્રવેશી શકશે તેવા ભારતીય માલસામાનમાં ખનિજો, રસાયણો, રત્નો અને ઝવેરાત, પ્લાસ્ટિક, રબર, લાકડું, કાગળ, કાપડ, કપડાં, કાચ, સિરામિક, બેઝ મેટલ્સ, યાંત્રિક અને વિદ્યુત મશીનરી, શસ્ત્રો/દારૂગોળો, ઓટો વાહનો, ફર્નિચર, રમતગમતનો સામાન, પ્રાણીજ ઉત્પાદનો અને પ્રોસેસ્ડ ફૂડનો સમાવેશ થાય છે.

યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરે આ કરારને સીમાચિહ્નરૂપ ગણાવ્યો જે બંને દેશોમાં કામ કરતા લોકો અને વ્યવસાયોને વધુ સારી સ્થિતિમાં મૂકશે. આ કરારને એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ગણાવતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે મહત્વાકાંક્ષી અને પરસ્પર ફાયદાકારક મુક્ત વેપાર કરાર આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવશે. બંને દેશોના વડાપ્રધાનો આ વેપાર કરારને વખાણે તે સ્વાભાવિક છે પરંતુ નિષ્ણાત અભિપ્રાય પણ છે કે આ વેપાર કરાર બંને દેશો માટે લાભદાયી પુરવાર થઇ શકે છે. આ વેપાર કરાર ઉપરાંત ભારત અને યુકે વચ્ચે ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન થયું છે. આ સંધિની જોગવાઇ મુજબ હવે જે ભારતીય કામદારો હંગામી ધોરણે યુકે જાય છે તેમણે ત્યાંની સામાજીક સુરક્ષાની યોજનાઓમાં ફાળો નહીં આપવો પડે, તેમના નોકરીદાતાઓએ પણ તેમના વતી પોતાનો હિસ્સો નહીં આપવો પડે તેથી નોકરીદાતાઓના નાણા પણ બચી શકશે અને હંગામી ધોરણે ગયેલા કામદારોના હાથમાં વધુ રકમ આવશે. માત્ર ત્રણેક વર્ષના કોન્ટ્રાક્ટ પર કામ કરવા ગયેલા કામદાર કે વ્યવસાયિકનો હેતુ સ્વભાવિક રીતે આ બે વર્ષમાં ત્યાંના હિસાબે ચુકવાતા સારા પગારની કમાણી કરી લઇને પાછા ફરવાનો હોય છે. આટલા ટૂંકા ગાળા માટે પીએફ જેવી યોજનાઓ માટે નાણા કપાવવાનો કોઇ ખાસ અર્થ રહેતો નથી આથી આવા ટૂંકા ગાળાના કામદારો માટે આ સંધિ ખૂબ મહત્વની પુરવાર થઇ શકે છે. જો કે આ વેપાર કરાર અને બેવડા ફાળાના નિવારણની સંધિ ઉપરાંત દ્વિપક્ષી રોકાણ સંધિ પણ બંને દેશો વચ્ચે થનાર હતી પણ તે થઇ શકી નથી. વિચારણા એવી હતી કે વેપાર કરાર, ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન અને એકબીજાના દેશમાં રોકાણ કરવાને લગતી દ્વિપક્ષી રોકાણ સંધિ એકસાથે કરવા. પણ આમાંથી પ્રથમ બે સંધિ થઇ શકી છે પરંતુ દ્વિપક્ષી રોકાણ સંધિ પર હજી મંત્રણાઓ ચાલુ છે. આશા રાખીએ કે તે પણ ટૂંક સમયમાં થઇ જાય. અમેરિકાના ટ્રમ્પના માથાભારે વર્તનથી ભારત અને યુકે સહિત અનેક દેશો પરેશાન થયા છે. હવે અમેરિકા વચગાળાના વેપાર કરારની વાત કરે છે. આ કરાર તો જ્યારે થાય ત્યારે ખરો, પણ હાલ તો યુકે સાથે લાંબા સમયથી અટકેલો આ વેપાર કરાર થઇ ગયો તે આનંદની વાત છે.


## દોરડાની ગાંઠ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ એક શિષ્યએ ભગવાન બુદ્ધને પૂછ્યું, 'મને ગુસ્સો આવે છે તે ન આવે તે માટે શું કરું ???' બીજા શિષ્યએ પૂછ્યું, 'અહંકાર દુર કરવા શું કરું?' ભગવાન બુદ્ધએ કહ્યું, 'આજે સાંજે પ્રાર્થના પછી તમારા પ્રશ્નનો જવાબ આપીશ.સાંજે પ્રાર્થનામાં ભગવાન બુદ્ધ હાથમાં એક દોરડું લઈને આવ્યા. આસન પર બેસીને કઈ બોલ્યા વિના ભગવાન બુદ્ધએ દોરડામાં ત્રણ ગાંઠ મારી.

અને તરત પ્રશ્ન કર્યો, 'મેં આ દોરડામાં ત્રણ ગાંઠ મારી છે..હવે તમે મને કહો કે આ દોરડું એ જ દોરડું છે જે ગાંઠો મારવા પહેલા હતું?' એક શિષ્ય બોલ્યો, 'ગુરુજી આપણા પ્રશ્નનો ઉત્તર આપવો કઠીન છે .. એક દ્રષ્ટિકોણથી આ દોરડું એ જ છે જેમાં કોઈ ફેરફાર નથી.અને બીજી રીતે જોઈએ તો પહેલા દોરડામાં કોઈ ગાંઠ ન હતી હવે ત્રણ ગાંઠ છે.તેથી તેમાં બદલાવ આવ્યો છે તેમ કહી શકાય. પણ દેખાવમાં ભલે દોરડામાં બદલાવ આવ્યો હોય પણ તેનું મૂળ બંધારણ તો એ જ છે જે પહેલાં હતું તેમાં કોઈ બદલાવ આવ્યો નથી.'



શિષ્યનો જવાબ સાંભળી ભગવાન બુદ્ધ બોલ્યા, 'સત્ય વાત છે ..હવે હું આ ગાંઠો ને ખોલી નાખું છું.'અને દોરડાના બંને છેડાને વિરુદ્ધ દિશામાં ખેંચવા લાગ્યા ... એક શિષ્ય તરત બોલ્યો, 'ના ગુરુજી એમ કરવાથી તો ગાંઠ સજ્જડ થઇ જશે તો ખોલવી વધુ મુશ્કેલ બનશે. ભગવાન બુદ્ધ બોલ્યા, 'તો..તમે જ કહો આ ગાંઠ ખોલવા શું કરવું પડશે??'

બીજા શિષ્યએ કહ્યું, 'ગુરુજી, ગાંઠો ખોલવા માટે આપણે આ ગાંઠોને એકદમ ધ્યાનથી જોવી પડશે જેથી આપણે જાની શકીએ કે આ ગાંઠને કઈ રીતે લગાવવામાં આવી છે અને પછી આપને તે ખોલવાનો પ્રયાસ કરી શકીએ.'

ભગવાન બુદ્ધ હસ્યા..બોલ્યા, 'બસ હું આ જ સાંભળવા માંગતો હતો...હવે મારી વાત સમજો તમારા જીવનમાં કોઈપણ સમસ્યા હોય તમે સૌથી પહેલાં તે સમસ્યાનું કારણ જાણો કારણ જાણ્યા વિના નિવારણ શક્ય નથી.બધા કારણ જાણ્યા વિના નિવારણ કરવા ચાહે છે.' ક્રોધ અને અહંકાર દુર કરવાની વાત કરનાર શિષ્યોને પાસે બોલાવી ભગવાન બુદ્ધએ કહ્યું, 'તમે મને પૂછ્યું ક્રોધ અને અહંકાર દુર કઈ રીતે કરું ..પણ તમે મને એ ન પૂછ્યું, 'ક્રોધ કેમ આવે છે.... અથવા અહંકારનું બીજ શું છે...અને જેમ દોરડામાં ગાંઠ મારવાથી દોરડાના મૂળ સ્વરૂપમાં કોઈ ફેરફાર થતો નથી તેમ મનુષ્યમાં વિકાર આવવાથી તેની અંદર સારપના બીજ મરતા નથી.જેવી રીતે દોરડાની ગાંઠ ખોલી શકાય છે.તેમ કોઈપણ સમસ્યા દુર કરી શકાય છે.જીવનમાં સમસ્યા તો આવશે જ પણ જો તેને બરાબર સમજવામાં આવે તો તે દુર કરી શકાશે'

# ગુજરાતનું બુલડોઝર જસ્ટીસ

## કહેવાની વાત

**નેહા શાહ**

**આટલા દિવસોમાં અમદાવાદ શહેરે ૪૪.૮ ડીગ્રી ગરમી પણ જોઈ અને કમોસમી તોફાની વરસાદ પણ જોયો. બેઘર બનેલાં ઘણાં પરિવાર માથા પર માત્ર ચાદરની છત બનાવી એ જ જગ્યાએ રહી રહ્યાં છે, કારણકે એમની પાસે જવા માટે બીજી કોઈ જગ્યા જ નથી**

ગરીબ શ્રમજીવીને અવૈધ સાબિત કરવાનું કેટલું સહેલું છે. પોલીસ એમની સામે કોઈ પુરાવા વગર કાર્યવાહી કરે તો પણ બાકીનો સમાજ તો એને યોગ્ય જ માનવાનો, કારણ કે એમને શંકાથી જોવા માટે એમનું ગરીબ હોવું, પરપ્રાંતીય હોવું, પરધર્મી હોવું પૂરતું છે. એવું જ અત્યારના ઐતિહાસિક ગણાતા ચંડોળા તળાવ કિનારે વસેલી વસતીને તોડી પાડવાના અભિયાનમાં દેખાય છે.

૨૨મી એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકી હુમલા પછી ગેરકાનૂની રીતે રહેતાં બાંગ્લા દેશીઓને તગેડી મૂકવા માટે ૨૬મી એપ્રિલથી રાજ્યનાં ઘણાં શહેરોમાં અભિયાન શરૂ થયું. અમદાવાદ, સુરત, વડોદરા, જુનાગઢ અને આણંદ જેવાં શહેરોમાં પોલીસે જેમની અટકાયત કરી હોય એવાં લોકોની જાહેરમાં પરેડ થતી હોય એવા વિડિયો વાયરલ થયા. કહેવામાં આવ્યું કે આ કહેવાતાં બાંગ્લા દેશીઓની આતંકવાદી સાથેની સાંઠગાંઠ છે જેનાથી દેશની સુરક્ષાને ખતરો થાય છે. અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં આરંભાયેલું અભિયાન ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું અભિયાન ગણાય છે. ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત થઈ, તેમને ભરરસ્તે ચલાવી પોલીસ થાણે લઈ જવામાં આવ્યા જેથી આખું ગામ એમને શંકાભરી નજરે જુએ, જેમાંથી નેવું ટકાથી પણ વધારે લોકો ભારતીય નાગરિક હોવાનું પુરવાર થતાં ત્રણ દિવસે છોડી મૂકવામાં આવ્યાં. તેમની પાસે જરૂરી બધા દસ્તાવેજ હતા. બિહાર, યુ.પી, ઝારખંડ કે ઓરિસ્સામાં ઘર-કુટુંબના ઠામઠેકાણાં હતાં. કેટલાંક તો ગુજરાતી જ નીકળ્યાં. અહીં ત્રણ દાયકાથી પણ લાંબુ રહેતા હોવાના પુરાવા નીકળ્યા. ત્યાર બાદ ૨૯ એપ્રિલથી શરૂ થયું ગેરકાયદે દબાણને હટાવવાનું અભિયાન. આ લખાય છે ત્યાં સુધી ૨૦૦૦થી વધુ ઘરો તોડી પડાયાં છે અને ટૂંકમાં જ બીજા તબક્કાનું અભિયાન શરૂ થવાની વાત છે. દેશની સુરક્ષા માટે શરૂ થયેલું અભિયાન જમીન પરના દબાણ દૂર કરવામાં બદલાઈ ગયું!

આટલા દિવસોમાં અમદાવાદ શહેરે ૪૪.૮ ડીગ્રી ગરમી પણ જોઈ અને કમોસમી તોફાની વરસાદ પણ જોયો. બેઘર બનેલાં ઘણાં પરિવાર માથા પર માત્ર ચાદરની છત બનાવી એ જ જગ્યાએ રહી રહ્યાં છે, કારણકે એમની પાસે જવા માટે બીજી કોઈ જગ્યા જ નથી. જેમની પાસે થોડી ઘણી સગવડ હશે તેઓ કશેક ગોઠવાયાં હશે પણ રાતોરાત બેઘર બનેલાં પરિવારો પાસે રાતોરાત ઉંચકાયેલા ઘરના ભાડાના દર અને ડીપોઝીટની રકમના પૈસા ક્યાંથી આવવાના? જો એવી સગવડ હોત તો લાલાબિહારી જેવા ગુંડાની જાળમાં ફસાયેલા શું કામ રહ્યાં હોત? ચંડોળા તળાવ એ જગ્યા છે જ્યાં ચોમાસા પછી જીવનનિર્વાહ માટે નાની નાની ખેતી થતી. રહેવાની સગવડના અભાવે ગરીબ લોકો ત્યાં જ રહેવા લાગ્યાં. તળાવનો કાંઠો એટલે વરસાદી પાણી ભરાય, કીચડ થાય છતાં લોકો રહે કારણકે ગજવાને પોસાય એવી બીજી કોઈ જગ્યા મળે નહીં. સમય જતાં અહીં વસ્તી વધી. અહીં મજૂરી કરનારાં, નાનો-મોટો ધંધો કરનારાં, નાની-મોટી ચીજવસ્તુની લારી ચલાવનારાં કે અન્ય બિનઔપચારિક કામ કરનારાં લોકોનો વર્ગ ઘણો મોટો છે. આ એ જ લોકો છે જેઓ કાચા મકાનમાં રહી શહેરના મકાન, રસ્તા બનાવે છે. પોતે ગંદકીમાં રહી શહેરના રસ્તાની સફાઈ કરી ચોખ્ખા રાખે છે. ઘણી વસ્તુઓ અને સેવાના ભાવ એમની સંખ્યાને લીધે સસ્તા છે. શહેરના વિકાસમાં આવા શ્રમજીવીઓના સસ્તા દરે મળી રહેતા શ્રમનો ખૂબ મોટો ફાળો છે.

જ્યાં ગરીબી અને લાચારી છે ત્યાં 'લાલાબિહારી' ઊભા થતાં વાર થોડી લાગવાની છે? જુગાર, દારુ, ડ્રગ્સ, દેહવેપાર જેવી અનૈતિક અને ગેરકાનૂની પ્રવૃત્તિ પણ અહીં ચાલતી હતી જેની વાતો શહેરમાં બે-ત્રણ દાયકાથી અવારનવાર સંભળાતી હતી. જો શહેરીજનોને ખબર હોય તો પ્રશાસનને ખબર હોય જ પણ, આટલાં વર્ષોમાં એને અટકાવાનાં જરૂરી મોટાં પગલાં ભરાયાનું યાદ નથી. અહીંના બંગાળ વાસમાં બાંગ્લા દેશી રહે છે એ વાત પણ સૌ કોઈ જાણે છે. રાજકીય ચર્ચાબાજીમાં આ હકીકતનો ઉલ્લેખ અવારનવાર થયા કરતો હોય છે પણ એ સિવાય પરદેશી નાગરિકોને એમના દેશ પાછા મોકલવા માટેની જરૂરી કાર્યવાહી કરવાની કોઈ નક્કર પ્રક્રિયા જાણમાં નથી. આજે, પહેલગામમાં થયેલા આતંકી હુમલા પછી અચાનક સરકાર અને પ્રશાસન જાગ્યા છે ત્યારે પોલીસ પાસે કોણ અને કેટલાં બાંગ્લા દેશી છે એટલી પ્રાથમિક માહિતી પણ ન હોવાના કારણે ૧૫૦૦થી પણ વધુ ભારતીય નાગરિકોની અપમાનજનક રીતે અટકાયત કરવી પડી. ગુજરાત રાજ્યમાં ૨૦૧૦થી ઝૂંપડાંવાસીના પુનર્વસનની નીતિ છે. સુપ્રીમ કોર્ટ પણ બુલડોઝર ચલાવતાં પહેલાં પંદર દિવસની નોટીસ આપવાનું સૂચવે છે. ૨૦૨૨મા સ્થાનિક કોર્પોરેટરે ચંડોળાની આજુબાજુ રહેતાં લોકોના આ યોજના હેઠળ પુનર્વસનની દરખાસ્ત કોર્પોરેશન સમક્ષ કરી હતી. પણ, મન હોય તો માળવે જવાય ને? આ તો ગામડાંની ગરીબીથી બચવા સ્થળાંતર કરીને આવેલા પછાત વર્ગનાં લોકો તેમાંય મોટા ભાગનાં મુસલમાન એટલે એમના નામે તો રાજકીય રોટલા શેકાય. ચૂંટણી ટાણે દરેક પક્ષ એમના મતદાતા કાર્ડ કઢાવી કે વીજળીનાં જોડાણ અપાવી એમને રાજી કરે. સામાન્ય સમયમાં સંપૂર્ણ નજરઅંદાજ કરે અને પહલગામ એટેક જેવી કટોકટીના સમયે આતંકી કહીને રંજાડે.

ગેરકાયદે દબાણોને દૂર કરવાની કોઈ ના નથી. પણ, ત્યાં વસતા લોકો આ દેશનાં જ નાગરિકો છે એટલે આ કાર્યવાહી કાયદાની જોગવાઈ આધારે થાય તો સૌનો સમાન નાગરિકત્વનો અધિકાર જળવાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# યુધ્ધની સ્થિતિમાં નાગરિક ધર્મ બજાવજો, વેપારી ના બનતાં

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

કશ્મિરના પહેલગાંવમાં નિર્દોષ ભારતીયોને આતંકવાદીઓએ મોતને ઘાટ ઊતાર્યાં તેના જવાબમાં ભારત તરફથી ''ઓપરેશન સિંદૂર''પાર પાડવામાં આવ્યું. આમ તો પાકિસ્તાન સત્તાવાળા કહે છે કે અમે આતંકવાદનું સમર્થન કરતા નથી. એટલે આંતકવાદીઓ પર ભારતની એરસ્ટ્રાઈકને પાકિસ્તાન સાથે કોઈ લેવા દેવા નથી. પણ રખે ને પાકિસ્તાન સામું કોઈ અડપલું કરે અને યુધ્ધ જેવી સ્થિતિ ઊભી થાય તો ભારતીય નાગરિકો આકસ્મિક સ્થિતિને સમજી શકે તે માટે સરકારે સાતમી મે એ મોકડ્રિલનું આયોજન કર્યું. જેથી નાગરિકોને સાયરનના અવાજ, અંધારપટ કે બીજાં નિયંત્રણો સામે જીવવાની ટેવ પડે! ગભરામણ ન ફેલાય અને ખોટી અફવાઓ ન ફેલાય! સંસ્કૃતમાં કહેવાય છે કે''યુધ્ધસ્ય કથા રમ્યા!'' યુધ્ધની વાતો જેવો આનંદ, મનોરંજન અને ઉત્તેજના ભાગ્યે જ બીજા કશામાં હોય છે પણ આ વાક્યમાં 'કથા' શબ્દ છે. મતલબ કે ''વાતો!'' યુધ્ધની વાતો જ આનંદ આપે છે. યુધ્ધ નહિ. પહેલગામ હુમલા પછી તરત ભારતમાં ચોરે ને ચૌટે, પાનના ગલ્લે અને ટી.વી. ચેનલોમાં બધે જ ''પાકિસ્તાનને બતાવી આપો, હુમલો કરી દો,''પાકિસ્તાનને ભારતમાં ભેળવી દો'. આપણે પણ ઈઝરાયલ જેવું જ કરવું જોઈએ ના જુસ્સાભર્યા સંવાદ શરૂ થઈ ગયા હતા. પણ ભારત સરકારે પૂરતા આયોજન અને વ્યૂહરચના પછી પંદર દિવસે યોગ્ય પગલાં લીધાં. આપણી બાજુએ નુકસાન ન થાય અને મિશન પાર પડે! તે જવાબદારીપૂર્વકનું વર્તન કહેવાય! આપણે અગાઉ લખ્યું હતું કે કેન્દ્ર સરકાર તો તેનું કાર્ય કરશે જ!

આપણે આપણો નાગરિક ધર્મ બજાવવાનો છે. યુધ્ધની સ્થિતિમાં, આપત્તિના સમયમાં આપણી ફરજ શું છે?

કશ્મિરમાં આતંકી હુમલા પછી ભારતભરમાંથી કશ્મિર પ્રવાસમાં ગયેલાં પ્રવાસીઓએ ટૂર કેન્સલ કરી પરત ફરવાનો નિર્ણય કર્યો એટલે સ્થિતિનો ગેરલાભ લઈ એરલાઈન્સથી માંડીને તમામ વાહનવ્યવહાર સગવડ આપનારાએ ભાવ વધારી દીધા. પ્રવાસીઓને લૂંટવાનું શરૂ કરી દીધું. આતંકવાદની ચર્ચામાં વ્યસ્ત સમાચાર માધ્યમોએ આ ''આપત્તિને અવસર બનાવનારી વેપારી વૃત્તિ''ની ચર્ચા કરી નહીં. સરકારે પણ આ મામલે મૌન સેવ્યું. આતંકવાદીઓએ નિર્દોષોને માર્યાં તો આ વેપારીઓએ ''લૂંટ્યાં''! હવે આવું ના થાય તે આપણે સૌ એ જોવાનું છે.

યુધ્ધનો એક નિયમ છે. ક્રૂર નિયમ છે અને તે એ કે તમે શરૂ કરી શકો છો. પણ તમે ઈચ્છો ત્યારે અંત લાવી શકતા નથી. મતલબ કે પાકિસ્તાન પર હુમલો કરી દો, ઈઝરાઈલ જેવું કરો. આ બોલવું સહેલું છે. એરસ્ટ્રાઈકના સમાચારથી જુસ્સો આવી જાય તે સ્વાભાવિક છે. પણ આ જુસ્સો ટકાવી રાખવાનો છે. સૌમ્ય નાગરિક વર્તનમાં રસ્તા પર ફટાકડા ફોડવા, ટ્રાફિક જામ કરવો એ યોગ્ય નથી. આ તણાવ લાંબો સમય ચાલી શકે છે. આ આતંકવાદીઓ સામા પ્રહાર કરી શકે છે. શક્ય છે થોડુ નુકસાન આપણા પક્ષે પણ આવે તો પછી એ સમયે અકળાઈ નઈ જવાનું. સરકારને સાથ આપવાનો. આજે માત્ર ટ્રેનિંગ માટે મોકડ્રિલ થઈ પણ આવનારા સમયમાં ખરેખર અંધારપટ થાય. નિયંત્રણો આવે તો સહન કરવાનું. એ વખતે કાયદો તોડવા આગેવાની નહીં લેવાની!

કોરોનાકાળ હોય કે અન્ય આકસ્મિક પરિસ્થિતિ આપણે 'નાગરિક'બનવાને બદલે પરિસ્થિતિનો લાભ લેનારા 'વેપારી' બની જઈએ છીએ. સરકારે જીવનજરૂરી ચીજો સાથે રાખવાનું કહ્યું છે. આપણે બિનજરૂરી ચીજોનો પણ સંગ્રહ કરવા મંડીએ છીએ. સંગ્રહખોરી, કાળાબજાર, ભાવવધારો, કૃત્રિમ અછત આ બધી જ યુધ્ધ સમયની આડ પેદાશ છે.

ભારતમાં અગાઉ પણ યુધ્ધ થયાં છે. પાકિસ્તાન સાથે, ચીન સાથે. પણ તે સમયે સોશ્યલ મિડિયા ન હતું! આ વખતે જે સૌથી વધારે સાચવવાનું છે તે સોશ્યલ મિડિયાના બેજવાબદાર વાયરલ મેસેજથી! વળી અગાઉ જ્યારે જ્યારે પાકિસ્તાન સાથે યુધ્ધ થયું ત્યારે ભારતમાં આપણે સ્થાનિક મુસ્લિમો સાથે કદી સંઘર્ષ કે નફરત ફેલાવા દીધી નથી. આ વખતે આવું નથી. કેટલાંક તત્ત્વો તકનો લાભ લઈ ભારતમાં આંતરિક વૈમનસ્ય સર્જવાનો પ્રયત્ન કરી રહ્યા છે. રાજનીતિમાં રહેલા કટ્ટરવાદી નેતાઓએ ઓવૈશી પાસેથી રાજનીતિના પાઠ શીખવા જેવા છે. તદ્દન કટ્ટરવાદી ગણાતા આ નેતા અત્યારે કેન્દ્ર સરકાર સાથે ઊભા છે. તેઓ આંતરિક વૈમનસ્ય ઉપર પણ નથી બોલતા. બોલે છે માત્ર પાકિસ્તાનના વિરોધમાં! આપણે ત્યાં ઘણા નેતાઓ મુસ્લિમોના આર્થિક બહિષ્કાર કે અન્ય તિરસ્કારની વાતો જાહેરમાં કરવા માંડ્યા છે. ઘણી વાર રાજકીય પાર્ટીમાં આંતરિક રાજકારણ ચાલતું હોય છે તેનો પણ અવસર જોઈને લાભ લેનારા લાભ લઈ લેતા હોય છે. ટૂંકમાં, એરસ્ટ્રાઈકના સમાચારથી એમ થાય કે હાશ! ભારતે બદલો તો લીધો!

આપણા લશ્કરે આયોજનપૂર્વક, નાગરિક નુકસાન વગર, આતંકી થાણાંઓ નષ્ટ કર્યાં.... પણ... આ એટલે અટકવાનું નથી. યુધ્ધમાં સૌથી મોટું નુકસાન સત્યને થતું હોય છે. રશિયા-યુક્રેન, ઈઝરાયેલ ગાઝા અને હવે ભારત-પાકિસ્તાન! દુનિયાના કેટલા મોટા ભાગમાં પ્રજા યુધ્ધના માહોલમાં જીવી રહી છે.

''હિંસાના વિચાર''ને મારી શકાતો નથી! યુધ્ધના સાચા આંકડા કદી બહાર આવતા નથી. આપણે ઈચ્છીએ કે આતંકવાદીઓને યોગ્ય સબક મળે. આને ફરીથી ધર્મ પૂછીને મારવા જેવી કાયર હરકત ન કરે! આપણે પણ મુશ્કેલ સ્થિતિમાં રાષ્ટ્રધર્મ નિભાવીએ!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ગેરકાયદેસર વસાહતીઓ

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ ગુજરાત સરકાર અને પોલીસ વિભાગ સફાળી જાગી અને ખૂબ ટૂંક સમયમાં જ લગભગ ૧૨૦૦ થી વધુ અમદાવાદ અને સુરતમાં ગેરકાયદેસર રહેતા ખાસ કરીને બાંગ્લાદેશી વસાહતીઓને શોધી કાઢયાં. સરકાર અને પોલીસ વિભાગને ઝડપી કાર્યવાહી બદલ અભિનંદન. આ વસાહતીઓ અનેક પ્રકારની સામાન્યથી માંડીને અતિ ગંભીર ગેરકાયદેસરની પ્રવૃત્તિઓમાં સામેલ હોય શકે છે. એ તો તપાસમાં બહાર આવે ત્યારે ખરૂ. આ વસાહતીઓમાં કેટલાક તો વર્ષોથી રહે છે અને બોગસ આધાર-પુરાવા-દસ્તાવેજો પણ ધરાવે છે. આ સગવડ કેટલાક લાલચુ - લોભી સ્થાનિકો અને જવાબદારોની મદદ, સાથ-સહકાર વગર મેળવી ન જ શકે. આમ પણ ગુજરાતમાંથી બોગસ, નકલી ચીજ વસ્તુઓ વારંવાર મળી આવે છે. સૌ પ્રથમ તો ગુજરાતનાં આવા સ્થાનિકો અને જવાબદારોને પાઠ ભણાવવાની તાતી જરૂરિયાત છે. કોઈની પણ શેહ શરમ રાખ્યા વિના એમને કડકમાં કડક સજા કરવાના પ્રયત્નો સરકાર અને પોલીસ દ્વારા થાય એ અનિવાર્ય છે. ઉપરાંત આવી મુહિમ સતત ચલાવતા રહી આરંભે સૂરાની કહેવત સરકાર અને પોલીસ વિભાગ ખોટી પાડે જેથી ગેરકાયદેસર રહેતા લોકોમાં ફફડાટ પેદા થાય અને આમજનતા અસામાજિક તત્વોથી બચી શકે.

**સુરત - મિતેશ પારેખ**

### વેકેશન રમતગમતના મેદાનમાં નહીં કે મોબાઈલમાં

શાળાઓમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. વેકેશન શબ્દ એવો છે કે વિદ્યાર્થીઓને અભ્યાસ , હોમવર્ક, વહેલા ઉઠવામાંથી મુક્તિ મળી જાય છે તેથી તેઓ આનંદિત થઈ જાય છે. હાલ મેદાન પર રમાતી રમતો ભુલતા જઈ રહ્યા છે ત્યારે વાલીઓએ એમને એ તરફ વાળવાની જરૂર છે. આજનો વિદ્યાર્થી મેદાની રમતને બદલે મોબાઈલ પર રમાતી ગેમ પર વધારે પડતો રચ્યોપચ્યો રહે છે. સોશ્યલ મીડિયાના વ્યસની થયેલ વિદ્યાર્થીઓ આભાસી દુનિયામાં જીવતા થઈ ગયા છે. વર્ચ્યુઅલ વિશ્વની બહાર પણ એક ખૂબ મોટી વ્યક્તિત્વ ઘડતરની દુનિયા છે એનો પરિચય આજના માબાપે પોતાના સંતાનોને કરાવવો પડશે. આજની યુવા પેઢી વર્ચ્યુઅલ ઓટિઝમનો શિકાર બને છે ત્યારે એમના માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ જ નકારાત્મક અસર પડી રહી છે. યુવાન જ્યારે ખૂબ લાંબા સમય સુધી મોબાઈલના સ્ક્રીન પર વિતાવે છે ત્યારે માનસિક રીતે કમજોર થતો જાય છે. આ સંજોગોમાં બાળક ફળિયામાં કે રમતગમતના મેદાન પર વિવિધ રમતો પાછળ સમય વિતાવે એ જોવાની જવાબદારી વાલીઓની જ છે. અખબારમાં સતત વધુ પડતા મોબાઈલના ઉપયોગને પરિણામે લાલબત્તી સમાન કિસ્સાઓવાંચવા મળે છે ત્યારે એમાંથી આપણે બોધપાઠ લેવાની જરૂર છે. વાલીઓને આ ચર્ચાપત્રના માધ્યમથી આપના સંતાનનું વેકેશન મોબાઈલમાં વ્યસ્ત રહીને પૂરું નહીં થઈ જાય તે માટે અનુરોધ કરું છું.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### સુરત... શેઈમ... શેઈમ... શેઈમ...

માતા-પિતા પછી શિક્ષકનું નામ માનથી લેવામાં આવે છે. તેઓ ભાવિના ઘડવૈયા ગણાય છે. તાજેતરમાં સુરતમાં એક શિક્ષિકાએ શિક્ષકનાં નામ પર કલંક લગાડ્યું છે. ઈજ્જતની બેઈજ્જતી કરી છે. 23 વર્ષની આ શિક્ષિકાએ ટ્યુશન પર આવતા 13 વર્ષના વિદ્યાર્થીની જિંદગી સાથે ખિલવાડ કર્યો. શિક્ષણના પાઠ ભણાવવાના બદલે પ્રેમના પાઠ ભણાવવા પ્રેમના પાઠ શું કામ એમ સમજો વાસનાના પાઠ ભણાવ્યા. ભાવિ વિશે અજ્ઞાન ધરાવનાર વિદ્યાર્થી શિક્ષિકાની ચાલમાં ફસાય ગયો. એમા એ શિક્ષિકાને પાંચ માસનો ગર્ભ પણ છે. આ ગર્ભમાં રહેલું બાળક પેલા વિદ્યાર્થીનું છે એનો એકરાર પોલીસ પાસે કર્યો. પોલીસ પણ આ બાબતથી મૂંઝવણ મુકાઈ ગઈ છે. આ કલિયુગની દુનિયામાં કેવી કેવી ઘટના બની રહી છે. અખબાર વાંચીને દુખ થાય છે. પાપાચાર, બળાત્કાર, અત્યારચારના રોજે રોજના સમાચાર જાણીને મુખમાથી અનાયાસે 'શેઈમ શેઈમ શેઈમ' નીકળી જાય છે.

**સુરત - જગદીશ પાનવાલા**

### લાફ્ટર ઈઝ બેસ્ટ મેડીસીન

આજની વ્યસ્ત જીંદગીમાં વ્યક્તિ સ્ટ્રેટફૂલ રહેતો હોય છે. તેની દિનચર્યા રૂટીન બનતી જાય છે. તેની પાસે કુટુંબ સાથે બેસી હંસી-મજાક કરવાનો સમય નથી. વ્યક્તિના જીવનક્રમમાં હવા-પાણી-ખોરાક તથા રહેઠાણ ઉપરાંત હાસ્યની પણ જરૂર રહે છે. આ હાસ્ય થેરાપીમાં કોમેડી, નાટક, ફિલ્મ, હાસ્યરસિક કાર્યક્રમ દ્વારા વ્યક્તિ હસી લે છે. આ થેરાપીનું પ્રથમ પગથીયું છે. રમૂજી સ્વભાવ રાખો. કદાચ તમારા મિત્રો તમારા પણ હસે તો હસી લો. તમારા મહેમાનોને હંમેશા વેલકમ કરો. પ્રેમસભર સ્માઈલથી તો સામેથી પ્રત્યુત્તર પણ પોઝીટીવ મળશે. કોઈક ચર્ચામાં વિવાદ હોય તો તેના પ્રતિભાવ રૂપે માત્ર સ્માઈલ કરો. ડિક્ષનરીમાં સૌથી લાંબો શબ્દ હોય તો તે સ્માઈલ છે. કારણ બે S વચ્ચે Mile છે. તંદુરસ્ત લાંબા જીવન જીવવા માટે હસતા રહો. હસાવતા રહો. દવા કરતા પણ સ્માઈલ ખૂબ જ અસરકારક નીવડે છે.

**સુરત - દિપક બી. દલાલ**

### સીંગતેલનો ભાવ ઘટ્યો, હવે ફરસાણ કેટલું સસ્તુ થશે

સુરતની જીવાદોરી તમામ મૂળ સુરતીઓમાં ફરસાણ જેવા કે ભુસા-ભજીયા, ફાફડા સુરતીઓના જીવનમાં તાણાંવાણાંથી જેમ ગુંથાયેલા છે. સીંગ ભરવાથી શરૂઆતમાં સીંગતેલનો ભાવ રૂ. 3000 સુધી પહોંચ્યો હતો. હાલમાં સીંગતેલ 15 કિલોના ડબ્બાના રૂા. 2400 થઈ ગયા છે. લગભગ 1 ડબ્બે રૂા. 600 તૂટી ગયા! તેની સામે કોઈ તહેવાર પણ નથી અને મગફળીની ખૂબ આવક છે. એટલે સીંગતેલના ડબ્બામાં ભાવ વધવાનું કોઈ કારણ નથી. સુરત ફરસાણ તથા સુરત ફાફડા એસો.ને વિનંતી કે માનવતાની દષ્ટિએ ફરસાણના ભાવમાં ભાવ ઘટાડો કરી સુરતીઓના દિલ જીતી લો. આશા છે ગ્રાહક એ ભગવાન છે તે સિદ્ધાંતને અનુસારીને કંઈક ઘટાડો કરાશે

**સુરત - મહેશ ડોક્ટર**

### યુવાપેઢી કેમ લગ્નથી દૂર જાય છે?

આજના યુવાનો કુંવારા રહેવાનું વધુ પસંદ કરે છે પરંતુ દેશને સારા નાગરિકો મળી રહે, સારૂ પ્રતિનિધિત્વ કરી શકે તે માટે બીજી પેઢીનું હોવું જરૂરી છે. આજના યુવાનોના લગ્ન નહિ કરવા પાછળના કારણો એ છે કે, ઝડપથી અમીર બનવું છે. પોતે પસંદ કરેલા પાત્ર સાથે જ પરણવું છે અને તેમાં કુટુંબીજનોની અસંમતિ હોય તો આજીવન કુંવારો રહીશ પણ બીજી સાથે નહિ પરણું એવી હઠ કરતા હોય છે. વળી ખૂબ ઓછા પગારવાળી અને હંગામી નોકરી હોય તો પણ પરણવા તૈયાર થતા નથી. પરણ્યા પછી જુદા નહિ રહી શકાય કે આવનાર છોકરીના અરમાનો પૂરા નહિ કરી શકે એવો મનમાં વહેમ હોય, આજકાલની છોકરીઓના ઘણા બોયફ્રેન્ડ હોય અને પરણ્યા પછી મારૂ લગ્ન જીવન નહિ ચાલે તો? આવા વિચારો કરીને પરણવાનું ટાળે છે પરંતુ યુવાને એ વિચારવાનું કે આપણી જાત ફક્ત આપણા માટે નથી આપણી માતાએ આપણને જન્મ આપ્યો, સુખ દુઃખ વેઠીને મોટા કર્યા, ભણાવ્યા, લગ્ન વ્યવસ્થા સમાજે બનાવી છે, જે જળવાઈ રહેશે તો જ સમાજને સારા નેતા, ડોક્ટરો, વૈજ્ઞાનિકો, વકીલો, શિક્ષકો મળી રહેશે. આમ,દેશની પ્રગતિ માટે પણ પરણવું જરૂરી છે. ભિષ્મ પિતાએ પણ લગ્ન નહોતા કર્યા અને છેવટે તકલીફો તો આવી જ ને!

**સુરત - પ્રવિણ પરમાર**